ક્રમાંક : જીવનનો ધબકાર\રાજ્યસ્પર્ધા\૨૦૧૮-૧૯\ ૫૨૬

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન, બહુમાળી ભવન,
ભાવનગર.
તા.૧૩/૧૨/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ સરકારી/ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
જિ. ભાવનગર

વિષય : 'જીવનનો ધબકાર મારી સ્મરણયાત્રા' પુસ્તકનાં પ્રેરક પ્રસંગો આધારિત મૌલિક વિચારો લેખિતમાં વ્યક્ત કરતી રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા બાબત.

સંદર્ભ : શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા ભાવનગરનો આવેલ પત્ર નંબર KKBS\ADM-OFFICE\સ્પર્ધા\2018-19 Dt.05/12/2018

જય ભારત સાથ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,શ્રી લાભુભાઈ ટી. સોનાણી લિખિત "જીવનનો ધબકાર મારી સ્મરણયાત્રા" પુસ્તકના વિવિધ પ્રસંગો આધારિત મૌલિક વિચારો લેખિતમાં વ્યક્ત કરતી રાજ્યકક્ષાની રાજ્ય પારિતોષિક સ્પર્ધા બાબતનો પત્ર અત્રેની કચેરીએ મળેલ છે. જે આ સાથે સામેલ છે. સદરહુ બાબતની સ્પર્ધામાં આપની શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓ બહોળી સંખ્યામાં ભાગ લે તે માટે તેઓને વાકેફ કરશો. તેમજ ભાગ લેવા ઇચ્છુક સ્પર્ધકોને આ સ્પર્ધા અંગેની માહિતી આપી વહેલી તકે રજિસ્ટ્રેશન કરાવવા સૂચિત કરશો અને તારીખ 31/1/2019 સુધીમાં પોતાની રજૂઆત સ્પર્ધા નિયમોમાં દર્શાવેલ સરનામે મોકલી આપવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના
ચેરમેન શ્રી,
જીવનનો ધબકાર મારી સ્મરણયાત્રા રાજ્ય પારિતોષિક સ્પર્ધા
શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા,
નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર,
ભાવનગર

Scanned by CamScanner

# શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા

**નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૨**

Ph. No. +91 278 2423917, Email : kkbsbhavnagar@gmail.com

Web. www.kkblindschool.org


**Ref.No.** KKBS\ADM-OFFICE\સ્પર્ધા\2018-19 **Dt.05/12/2018**

**પ્રતિશ્રી,**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

બહુમાળી ભવન - ભાવનગર

..............................................

**આદરણીયશ્રી,**

જય ભારત સાથ જણાવવાનું કે શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા આઝાદીપૂર્વે વર્ષ ૧૯૩૨ થી પ્રજ્ઞાચક્ષુઓના શિક્ષણ, રોજગાર અને પુનઃ સ્થાપનની પ્રવૃત્તિઓ અવિરત રીતે કરી રહી છે. આવા જ ઉમદા અને વિશિષ્ટ હેતુસર સંસ્થા દ્વારા **શ્રી લાભુભાઈ ટી. સોનાણી લિખિત 'જીવનનો ધબકાર-મારી સ્મરણયાત્રા' પુસ્તકના પ્રેરક પ્રસંગો આધારિત મૌલિક વિચારો પર રાજયકક્ષાની સ્પર્ધાનું આયોજન કરેલ છે.** જેમા સ્પર્ધક પુસ્તકનો સાર અને જે તે વિભાગમાં દર્શાવેલ પ્રશ્નોત્તરી મુજબ પુસ્તકના પ્રકરણ પર ૩૦૦ શબ્દોમાં રજૂઆત કરવાની છે.

સમગ્ર સ્પર્ધાનું આયોજન બે ભાગમાં થયું છે. જેમાં પ્રથમ ભાગમાં સ્પર્ધકોએ પુસ્તકના વિવિધ પ્રકરણો પર પોતાના મૌલિક વિચારોની રજૂઆત આ સાથે સ્પર્ધાના નિયમો દર્શાવતી પત્રિકામાં જણાવ્યા અનુસાર લેખિતમાં મોકલી આપવાના રહેશે. ત્યારબાદ પસંદગી સમિતિ દ્વારા પસંદ કરવામાં આવેલ પ્રત્યેક સ્પર્ધકોને સમાલાપ માટે રૂબરૂ બોલાવી વિજેતાઓનું ડીકલેરેશન પસંદગી સમિતિ આપશે. **જેમાં ત્રણેય કેટેગરીઓમાં પ્રથમ વિજેતાને રૂ. ૨૧,૦૦૦/- દ્વિતીય વિજેતાને રૂ. ૧૫,૦૦૦/- અને તૃતિય વિજેતાને રૂ. ૧૧,૦૦૦/- જેવી મોટી ઈનામી રાશી ટ્રોફી સાથે આપવામાં આવશે. સ્પર્ધાની વધુ માહિતી માટે WWW.LTSONANI.COM ની મુલાકાત લો અથવા આ સાથે બીડેલ સ્પર્ધામાં જોડાવા માટેની અપીલ અને સ્પર્ધાના નિયમોની વિગતવાર માહિતી ચકાસવા વિનંતી.**


જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
ભાવનગર.
આવક નં. ...
તારીખ : 13/12/18
શાખા : ...


ઉપરોક્ત સ્પર્ધામાં ભાગ લેવા માટે આપશ્રીના હસ્તકની સંસ્થાના વિદ્યાર્થીઓ, કર્મચારી પોતપોતાના વિભાગમાં ભાગ લઈ અમારા આ સેવાયજ્ઞમાં જોડાય તેવો અનુરોધ છે. **આપના હસ્તકની સંસ્થાઓ, વિભાગોને આ અંગે વધુ ને વધુ પત્ર દ્વારા અથવા ઈ-મેલ દ્વારા વાકેફ કરવા નમ્ર વિનંતી છે.**

આપના સહકારની અપેક્ષા સહ...

**લિ.**

**ચેરમેનશ્રી,**

'જીવનનો ધબકાર-મારી સ્મરણયાત્રા'

રાજય પારિતોષિક સ્પર્ધા

**બીડાણ : ઉપર મુજબ સ્પર્ધાની માહિતી**

13/12/18

13/12

Scanned by CamScanner

# શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા આયોજિત
## "જીવનનો ધબકાર–મારી સ્મરણયાત્રા" રાજ્ય પારિતોષિક સ્પર્ધા ૨૦૧૮–૧૯

### :: સ્પર્ધાની માહિતી ::

લેખકશ્રી લાભુભાઈ ટી. સોનાણીનું પુસ્તક 'જીવનનો ધબકાર–મારી સ્મરણયાત્રા' પર રાજ્યસ્તરની સ્પર્ધા બે–તબક્કામાં યોજાશે.

**પ્રથમ તબક્કો :**

- સ્પર્ધકે જણાવ્યા મુજબ પોતે વાંચેલ પ્રેરક પ્રસંગોના આધારે જે તે વિભાગો મુજબ લાગુ પડતા પ્રશ્નોનાં લેખિતમાં વિચારો તા.૩૧/૦૧/૨૦૧૯ સુધીમાં વ્યક્ત કરવાના રહેશે.

**બીજો તબક્કો :**

- પ્રથમ તબક્કામાં પસંદગી પામેલ સ્પર્ધકે અંતિમ પસંદગી માટે પસંદગી સમિતિ સમક્ષ ઉપસ્થિત રહી પૂછવામાં આવે તેવા પ્રશ્નો પર ચર્ચામાં ભાગ લઈ પોતાના વિચારો મોખિક રીતે વ્યક્ત કરવાના રહેશે.

**કેટેગરી :**

- **સમગ્ર સ્પર્ધા ત્રણ વિભાગો (અ), (બ) અને (ક) કેટેગરી પ્રમાણે યોજાશે.**
- સ્પર્ધકની કેટેગરી તા.૩૧/૧૨/૨૦૧૮ નાં રોજ પૂર્ણ કરેલ ઉમરનાં આધારે વિભાગ અ, બ, ક લાગુ પડશે. જે નીચે મુજબ રહેશે.

**વિભાગ–અ : ૧૧ થી ૨૦ વર્ષ**
**વિભાગ–બ : ૨૧ થી ૩૦ વર્ષ**
**વિભાગ–ક : ૩૦ વર્ષથી ઉપર**

**વિજેતા સ્પર્ધકોને પુરસ્કાર :**

- **જે–તે વિભાગના અંતિમ તબક્કાના વિજેતા સ્પર્ધકને રોકડ પ્રોત્સાહન, પ્રમાણપત્ર અને મોમેન્ટો નીચે મુજબ આપવામાં આવશે.**

| | |
|---|---|
| **પ્રથમ નંબર માટે** | **રૂ. ૨૧,૦૦૦/–** |
| **દ્વિતીય નંબર માટે** | **રૂ. ૧૫,૦૦૦/–** |
| **તૃતીય નંબર માટે** | **રૂ. ૧૧,૦૦૦/–** |

- સ્પર્ધકની રજૂઆતનાં આધારે પસંદગી સમિતિ દ્વારા મળેલ અભિપ્રાયને ધ્યાને લઈ વિશેષ પ્રોત્સાહક પુરષ્કાર આપવામાં આવશે.

Scanned by CamScanner

**સ્પર્ધાના નિયમો :**

1. ભાગ લેવા માટે સ્પર્ધકે ઓનલાઈન નોંધણી www.LTSONANI.com પર કરવાની રહેશે.
2. **પુસ્તક વેબસાઈટ પરથી વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકાશે.** તેમજ **પ્રજ્ઞાચક્ષુ સ્પર્ધકો માટે પુસ્તકની ઓડિયો પ્રત પણ વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે.** અથવા સ્પર્ધક ઇચ્છે તો પુસ્તક તેના **પ્રાપ્તિસ્થાન** રાષ્ટ્રીય અંધજન મંડળ–ભાવનગર જિલ્લાશાખાનો **(ફોન નં. ૦૨૭૮–૨૪૨૩૯૧૭)** સંપર્ક કરી યોગ્ય મૂલ્ય આપીને પ્રાપ્ત કરી શકશે.
3. **'જીવનનો ધબકાર–મારી સ્મરણયાત્રા'** પુસ્તક આધારિત વર્ણવવામાં આવેલ પ્રસંગો પર સ્પર્ધકે પોતાના વાંચન મુજબ મૌલિક વિચારો લેખિતમાં પ્રથમ તબક્કા માટે રજિસ્ટ્રેશન ફોર્મમાં દર્શાવેલ નિયમો મુજબ મોકલવાના રહેશે.
4. અન્ય સંદર્ભ સાહિત્ય માત્ર ઉદાહરણ માટે ઉલ્લેખી શકાશે પરંતુ તેનું વિવરણ કરી શકાશે નહીં.
5. પ્રજ્ઞાચક્ષુ સ્પર્ધકો પોતાના વિચારો કૉમ્પ્યૂટર ટાઈપીંગમાં અથવા બ્રેઈલલિપિમા પણ મોકલી શકશે.
6. દરેક વિભાગમાં ભાગ લેતા સ્પર્ધકે તેના વિભાગ માટે આપવામાં આવેલી સૂચનાઓ મુજબ ઉત્તર આપવાના રહેશે.
7. ભાગલેવા ઇચ્છતા સ્પર્ધકે વહેલી તકે રજિસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે અને જે–તે વિભાગમાં પુછાયેલ પ્રશ્નોત્તરી મુજબ પોતાના મૌલિક પ્રતિભાવો લેખિતમાં નિયમ મુજબ **તા. 31/01/2019 સુધીમા મોકલી આપવાના રહેશે.**

***********

Scanned by CamScanner